# શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)ની રોજગાર માહિતી આપતી વેબસાઈટ

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.) પાછલા ૧૨૦ વર્ષોની અવિરત યાત્રામાં અનેકાનેક પ્રવૃત્તિઓ હાથ ધરી એક પછી એક મુકામો હાસિલ કરતો આવ્યો છે. શ્રીસમાજના સદ્ભાગ્યે એક પછી એક નિઃસ્વાર્થ કાર્યકરો સમાજલક્ષી કાર્યોને ઉપાડી લેવા મળતા રહ્યા છે, જેના કારણે શ્રીસમાજ વિશ્વભરમાં એક આગવું સ્થાન ધરાવે છે અને ગુજરાતી પ્રજાના હૃદયમાં શ્રી દિલ્હી ગુજરાતી સમાજનું નામ ધધકતું રહે છે.

સેવા ક્ષેત્રે : શ્રીસમાજ સંચાલિત સરદાર વલ્લભભાઈ ભવન અતિથિગૃહનો લાભ ગુજરાતીઓને મળે છે અને ઉત્તમમાં ઉત્તમ વ્યવસ્થા આપવા શ્રીસમાજના કાર્યકરો કટિબધ્ધ છે. અતિથિભવનમાં સુસજ્જિત ૭૩ એ.સી., ડીલક્ષ, સામાન્ય રૂમો, એ.સી. બંકરબેડ ડોરમેટરી, સામાન્ય ડોરમેટરી વિગેરેમાં સામાન્ય અનુદાન રાશિ સામે ત્રણ સ્ટારના સમકક્ષની સુવિધાઓ મળી રહી છે. યાત્રાળુઓ માટે ગુજરાતી ભોજનની સગવડતા માટે ગુજરાતી કેન્ટીન, ફાસ્ટફુટ કેન્ટીન, રેલ્વે / હવાઈ / બસ સેવાઓની વ્યવસ્થા અતિથિભવનમાં જ ઉપલબ્ધ છે.

શિક્ષણ ક્ષેત્રે : શ્રી શ્રી લક્ષ્મીનારાયણ ટ્રસ્ટ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય પાછલા ૧૧૩ વર્ષોથી શિક્ષાના ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહ્યું છે જેમાં હાલ ૧૩૦૦થી વધારે વિદ્યાર્થીઓ વિના મૂલ્યે ઉચ્ચકક્ષાની શિક્ષા પ્રાપ્ત કરી રહ્યા છે. આ શાળા માંથી દિલ્હીના ગુજરાતીઓની ત્રણ–ત્રણ પીઢીઓ ભણીને દરેક ક્ષેત્રમાં સફળતાના સોપાન સર કરેલ છે.

સાંસ્કૃતિક ક્ષેત્રે : મહાત્મા ગાંધી સાંસ્કૃતિક કેન્દ્ર–એમ.પી.સી.યુ.શાહ ઓડિટોરિયમ ૭૦૪ સીટોનું સંપૂર્ણ વાતાનુકૂલિત સભાગાર મધ્ય અને ઉત્તર દિલ્હી ક્ષેત્રમાં એક માત્ર અદ્યતન સભાગાર છે. જેમાં ગુજરાતીઓ અને બિન–ગુજરાતીઓના સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે સામાન્ય ખર્ચમાં ડોરમેટરીઓ, લૉન વિગેરે અનેકાનેક સુવિધાઓ પ્રદાન કરી રહ્યું છે. દિલ્હીની સમસ્ત ગુજરાતી સંસ્થાઓ અને ગુજરાતીઓ શાહ સભાગારનો લાભ લે છે, તે સિવાય દિલ્હીની પ્રજા માટે પણ ખૂબજ ઉપયોગી છે.

આ સિવાય શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દિલ્હીના જુદા–જુદા વિસ્તારોમાં તબીબી સહાય, મેડિકલ કેમ્પ, શૈક્ષણિક ઋણ, શિક્ષા ક્ષેત્રે, નિદાન કેન્દ્ર, જનકલ્યાણ ઔષધાલયનું સંચાલન સિવાય અનેકાનેક ઈત્તર પ્રવૃત્તિઓ દર વર્ષે આયોજિત કરતું રહે છે. આ કડીમાં એક પગલું આગળ વધતા **gujaratisamajjobs.com** વેબસાઈટની શરૂઆત કરે છે. આ વેબસાઈટ સારી પેઢીઓ અને સારા કામગરોની શોધ માટેની આદર્શ વેબસાઈટ બનશે. દિલ્હી–**NCR** ની ગુજરાતી પેઢીઓ અને સારા રોજગારની તલાશ કરતા વ્યકિતઓની ખૂબજ વ્યવસ્થિત માહિતી આ વેબસાઈટથી મળી રહેશે, તે સિવાય ધંધાકીય, પેશેવર વિગેરેની માહિતીનો સમાવેશ પણ આવરી લેવાશે.

E:\2018-19\FILE01_25 # 235

શ્રીસમાજની આ વેબસાઈટનો બધા લાભ લેશે અને આમાં વધુમાં વધુ માહિતી મૂકી અરસ–પરસની જરૂરિયાત પૂરી પાડશે તેમાં શંકાને સ્થાન નથી. આ વેબસાઈટ ખૂબજ પ્રસિદ્ધિ પામશે અને દિલ્હીના ગુજરાતીઓની મૂળભૂત કામની શોધ જેવી સમસ્યાઓનો નિકાળ કાઢશે. વેબસાઈટ **gujaratisamajjobs.com** ને તૈયાર કરવામાં રોજગાર યોજના સમિતિના દરેક સભ્ય અભિનંદનને પાત્ર છે પણ વિશેષમાં સંયોજક શ્રી કેતનભાઈ વોરાએ આ વેબસાઈટને તૈયાર કરવામાં જે જહેમત લીધી છે તે માટે તેઓ ખૂબજ અભિનંદન અને સરાહનાના પાત્ર છે. શ્રીસમાજને અન્ય ક્ષેત્રોમાં પણ આવા કાર્યકરોનો યોગદાન મળતો રહે છે. શ્રી દિલ્હીગુજરાતી સમાજ (રજિ.)નો ટ્રસ્ટ મંડળ, વ્યવસ્થાપક મંડળ આવા સકારાત્મક કાર્યોમાં સદૈવ અગ્રસર રહે છે, જેમના દિશાનિર્દેશ વગર સદ્કાર્ય અસંભવિત છે. દરેકનો હૃદયપૂર્વક આભાર માનતા **gujaratisamajjobs.com** ને ખૂબજ સફળતા મળે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ સહ,

શુભેચ્છક,

(કૌશિક પંડયા)
પ્રમુખ